ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૩.૫ ડીગ્રી
લઘુતમ : ૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૧ ટકા



વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી એક એવી પ્રવૃત્તિ છે જેમાં સમય અને નાણાંનો વ્યય કરવા સાથે જંગલો ખૂંદવાની તૈયારી જોઈએ અને તે કરવા છતાં પણ કયારેક જોઈતી તસ્વીરો પ્રાપ્ત થતી નથી પરંતુ કેટલીકવાર એવું પણ બને કે સાવ સહજ રીતે તમને વન્યજીવોની અદભૂત ક્ષણો કેમેરામાં કંડારવાની તક મળી જાય. ગાંધીનગરના વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર નિકુંજ વૈશ્યકને પણ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાનમાં મોર્નિંગ વૉક દરમિયાન આવી ક્ષણો પ્રાપ્ત થઈ હતી. ગુજરાતનું ઘરેણું એવા ગીરના સિંહની જોડી પાટનગરની પ્રતિષ્ઠા બની છે અને ખૂબ ઝડપથી હરિયાળા નગરના વાતાવરણમાં તેઓએ અનુકૂલન સાધી લીધું છે તેની પ્રતિતી આ ક્ષણો પરથી પ્રાપ્ત થાય છે.

## સે-૬માં ૩૦મીએ ગાંધીકથા યોજાશે

ગાંધીનગર, તા.૨૮

૨૧મી શ્રી ગાંધીકથા તા. ૩૦મીજન્યુઆરીના રોજ બપોરે ૩.૩૦ થી ૬.૦૦ કલાક દરમિયાન શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ સેકટર-૬-બી, ગાંધીનગર ખાતે યોજાશે. વકતા કનુભાઈ દવે ગાંધીકથા કરશે. ગીત સંગીત પ્રતિભાબેન દવે અને કંદર્પ ત્રિવેદી આપશે.

આ ગાંધીકથા શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ, ઈન્ડીયન લાયન્સ-લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર, માનવસેવા મંડળ ગાંધીનગર, પેન્શનર સમાજ સે-૬, મીરાં ભજન મંડળ અને શિવ ભજન મંડળ સે-૬ના સંયુકત ઉપક્રમે યોજાશે.

## સત્યાગ્રહ છાવણી ખાતેથી ૪૦ બોન્ડેડ નર્સીંગ કર્મચારીઓની અટકાયત




ગાંધીનગર, તા.૨૮

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા તાજેતરમાં રાજયભરમાં બોન્ડેડ નર્સિંગ સ્ટાફ અંતર્ગત ફરજ બજાવતા ૭૨ કર્મચારીઓને છુટા કરી દેવામાં આવ્યા છે. આ બોન્ડેડ કર્મચારીઓને ન્યાય મળે તે માટે ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા સોમવારના રોજ ગાંધીનગર શહેરના સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ ધરણા માટે પોલીસ પરમિશન ન હોવાથી ૪૦ બોન્ડેડ નર્સિંગ સ્ટાફના કર્મચારીઓની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાત જન જાગૃતિ મંચના પ્રમુખ રજનીકાંત ના જણાવ્યા મુજબ નર્સોને જે તે સમયે ત્રણ વર્ષ સરકારમાં નોકરી કરે તે માટે ફરજીયાત બોન્ડ કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ નર્સો પોતાની મરજી હોય તો નોકરી ચાલુ રાખી શકતી પણ આ ૭૨ બોન્ડેડ નર્સોને છેક ૨૦૧૩માં ફકત ૯૪૦૦ માં નોકરીના ઓર્ડર આપી એમને કાયમી કરવાની જગ્યાએ ૩૧ મી ડિસેમ્બર ૨૦૧૮ના રોજ છુટા કરી દેવામાં આવ્યા છે. આ તમામ નર્સીંગ સ્ટાફના કર્મચારી ભાઈ બહેનો ૪૫ થી વધુ વયના છે. ત્યારે રોજગારીની સુફીયાણી વાતો કરતી રાજય સરકારે બોન્ડેડ નર્સીંગ સ્ટાફને કાયમી બેરોજગાર કરી નાંખ્યો છે. રાજય સરકાર પોતાના નિયમમાં ફેરફાર કરીને અન્ય કર્મચારીઓને રોજગારી આપી શકે છે તો આ બોન્ડેડ નર્સિંગ સ્ટાફના કર્મચારીઓને પણ રોજગારી આપવામાં આવે તેવી લાગણી વ્યકત કરી છે. ત્યારે આ અંગે આગામી સમયમાં ગુજરાત જન જાગૃતિ મંચ દ્વારા ઉગ્ર લડત આપવામાં આવશે.




ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી ગાંધીનગરમાં તા. ૨૬ અને તા. ૨૭મી જાન્યુઆરી દરમિયાન સળંગ બે દિવસ સંતવાણી લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંથી પહેલો ડાયરો પ્રજાસત્તાક દિને સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે અને રવિવારે ડાયરો સેકટર-૨૪માં બાપા સીતારામની મઢુલી પાસે યોજાયો હતો. બંને ડાયરામાં લોક સાહિત્ય રસિક નગરજનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

## ટેલિફોન અદાલત ૧૨મી ફેબ્રુઆરીએ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર અને ગ્રામીણ જનતા માટે ભારત સંચાર નિગમ દ્વારા ટેલિફોન અદાલત તા. ૧૨મી ફેબ્રુઆરીએ ટેલિફોન એકસચેન્જ સે-૧૧માં બપોરે ૧૨ કલાકે યોજાશે. આ અંગેની અરજી ૬ઠ્ઠી ફેબ્રુઆરી સુધીમાં સબ ડિવીઝનલ એન્જિનીયર (ટેકનીકલ) ટેલિફોન એકસચેન્જનેસે-૧૧ને ફોન નંબર ૦૭૯-૨૩૨૨૭૦૦૦ અથવા ૦૭૯-૨૩૨૪૮૫૫૫ પર કરવા જણાવાયું છે.

## આજે દેના બેંક ગ્રામીણ બેંક ખાતે ફ્રી હેલ્થ મેડીકલ ચેકઅપ કેમ્પ

ગાંધીનગર, તા. ૨૮

દેના ગુજરાત ગ્રામીણ બેંક સેકટર-૭ ડી ગાંધીનગર શાખા ખાતે તા. ૨૯ જાન્યુઆરીને મંગળવારના રોજ ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પ રાખવામાં આવેલ છે. ગાંધીનગર શહેરના તમામ નગરજનોને સવારે ૧૦ કલાક થી બપોરે ૧.૩૦ સમય દરમિયાન ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પનો લાભ લેવા બેંક મેનેજર દ્વારા અનુરોધ કરાયો છે.

## અડાલજ ત્રિમંદિર નજીક કારમાંથી ૬૮૦ લિટર દેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીકના અડાલજ વિસ્તારમાંથી પોલીસે કારમાંથી ૬૮૦ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસે રૂ. ૧૩,૬૦૦ની કિંમતનો દેશી અને રૂ. ૨ લાખની કાર અને મોબાઈલ મળી ૨.૧૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી શરુ કરી છે.

અડાલજ પોલીસેની ટીમ રવિવારે અડાલજ ત્રિમંદિર પાસે પેટ્રોલિંગમાં હતી આ દરમિયાન દારૂની હેરાફેરી અંગે બાતમી મળી હતી જે બાતમીવાળી કાર આવતા તેને રોકી તપાસ કરતા તેમાંથી ૩૪૦ નંગ દેશી દારૂની કોથળીઓ મળી આવી હતી. કારમાં બેઠેલા બે શખ્સોનું નામ પુછતા તેઓ મહેસાણાના નાગરપુર ગામના રહેવાસી મહોમદ શરીફ ખલીફા (૨૮ વર્ષ) અને અમીત ઈશ્વરભાઈ વાદી (૨૯ વર્ષ) હોવાનું સામે આવ્યું હતું. દારૂના જથ્થા અંગે તેઓએ મહેસાણાના ચિતરોડીપુરા પાટીયાથી દારૂનો જથ્થો ભરીને ઝુંડાલ સર્કલે અમદાવાદના ઝાકીર નામના શખ્સને આપવાના હતા. અડાલજ પોલીસે હાલ દારૂ અને કાર તથા મોબાઈલ મળી કુલ રૂ. ૨.૧૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય આરોપીઓ સામે પ્રોહીબીશન એકટ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## રાંધેજામાં ધોળે દિવસે મકાનમાંથી રૂ. ૨.૧૬ લાખની ચોરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીકના રાંધેજા ગામે શિવાલીક હોમ્સમાં ધોળા દિવસે તસ્કરોએ બંધ મકાને નિશાન બનાવ્યું હતું અને તસ્કરો દરવાજાના નકુચા તોડી રૂ. ૨.૧૬ લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ રાંધેજા ગામે શિવાલીક હોમ્સ નામની રહેણાંક સોસાયટી આવેલી છે. જયાં મકાન નં. ૮માં વિવેક ઘનશ્યામસિંગ રહે છે. ફરિયાદી વિવેકસિંગ પરિવાર સાથે ૨૬મી જાન્યુઆરીએ અમદાવાદ ખરીદી માટે ગયા હતા. બપોરે ૧૨ વાગ્યાના સુમારે ગયેલો પરિવાર રાત્રે સાડા દશ વાગે પરત ફર્યો હતો.

ઘરે આવતા જોયું તો મુખ્ય દરવાજાનો નકુચો તુટેલો હતો. અંદર જઈને જોતા કબાટો ખુલ્લા હતા અને અંદરનો સામાન વેરવિખેર હતો. તપાસ કરતા ઘરમાંથી સોના ચાંદીના દાગીના, ૧ લેપટોપ, ૬૦ હજાર રોકડા મળી કુલ ૨.૧૬ લાખની મત્તા ગુમ હતી. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે ફરિયાદીએ પોલીસને સોસાયટીના સીસીટીવી ફુટેજ આપ્યા છે. જેમાં મોઢે રૂમાલ બાંધેલો એક શખ્સ દેખાય છે. જેને પગલે પેથાપુર પોલીસે તસ્કરને ઝડપી લેવા તપાસ શરુ કરી છે.

## સ્વભાષા, સ્વભૂષા અને સ્વદેશીનો સ્વીકાર ભારતને વિશ્વગુરુ બનાવશે

### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ૭૦મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૨૮

'સ્વભાષા, સ્વભૂષા અને સ્વદેશીનો સ્વીકાર કરીશું તો જ ભારત પુનઃ વિશ્વગુરુ કહેવાશે. ભારત વિશ્વગુરુ હતું તે કહેવા કરતા ભારત વિશ્વગુરુ છે તેવું જયારે કહેવામાં આવશે ત્યારે અનેરા ગૌરવની લાગણી થશે.' ગાંધીનગરની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે યોજાયેલા ૭૦મા ગણતંત્ર પર્વની ઉજવણી પ્રસંગે પૂર્વ કુલપતિ હર્ષદભાઈ શાહે તેમના ઉદબોધનમાં ઉપરોકત શબ્દો કહ્યા હતા. આ પ્રસંગે યુનિવર્સિટીના વર્તમાન કુલપતિ એસ.જી. દેસાઈએ જણાવ્યું હતું કે 'મહામૂલી સ્વતંત્રતાના રક્ષણ માટે આપણે કર્મનિષ્ઠ પ્રયાસો કરવા જોઈએ.'

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે યોજાયેલા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં પ્રથમ કુલતિ હર્ષદભાઈ શાહ, કુલપતિ એસ.જી. દેસાઈ, કુલસચિવ ડૉ. કમલામણી બહેન રાવ તથા અધ્યાપકો, કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં ધ્વજારોહણ, ધ્વજવંદન, રાષ્ટ્રગીત, રાષ્ટ્રગાન, ઝંડાગીત વગેરેનું ગાન તથા વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિત ગીત, વકતવ્ય, નૃત્ય અને સમૂહગીત જેવી સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સંકલન મદદનીશ પ્રાધ્યાપકો ડૉ. રૂપમ ઉપાધ્યાય તથા ડૉ. ધર્માંશુભાઈ વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું જયારે મદદનીશ પ્રાધ્યાપક જિજ્ઞેશભાઈ પટેલ દ્વારા આભારદર્શન વ્યકત કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગરમાં થયેલા ત્રણેય મર્ડરની તપાસ માટે એસ.આઈ.ટી.ની રચના

ગાંધીનગર, તા.૨૮

રાજયના પાટનગર ગાંધીનગરમાં સીરીયલ કિલર બિન્દાસ્ત પણે એક પછી એક લૂંટ વીથ મર્ડરને અંજામ આપી રહ્યા છે. સ્ટાન્ડર્ડ વેપન પિસ્તોલની મદદથી અવાવરું જગ્યાએ આધેડને નિશાન બનાવી માથાના પાછળના ભાગમાં ગોળી મારી હત્યા કરી નાંખે છે. છેલ્લા ચારમાસમાં દંતાલી, કોબા અને શેરથા ગામે ત્રણ આધેડને મોતને ઘાટ ઉતારી દીધા છે. એક પછી એક ત્રણ મર્ડરની ઘટના બન્યા પછી પણ પોલીસ હજુ સુધી આરોપીઓને પકડવામાં નિષ્ફળ છે.

આરોપીને પકડી પાડવા માટે ગાંધીનગર એસ.પી.એ. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવી છે. આ ટીમમાં આઠ અધિકારીઓમાં કલોલ ડીવાયએસપી, એલસીબીના બે પી.આઈ. અને ત્રણ પી.એસ.આઈ. તેમજ એસ.ઓ.જી. પી.આઈ.નો સમાવેશ કરવામાં આવ્યો છે.

પાટનગરમાં થયેલા ત્રણેય મર્ડર કેસની ગંભીરતાને જોતા ગુજરાત એટીએસ અને અમદાવાદ ક્રાઈમ બ્રાંચ પણ ગાંધીનગર પોલીસની મદદે આવશે.

## સે-૨૭ સ્વસ્તિક સોસાયટી ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૨૮

સેકટર-૨૭ સ્વસ્તિક સોસાયટી દ્વારા ૭૦મા પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રામચંદ્ર જોષીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જયારે અતિથિ વિશેષ તરીકે અગ્રણી સામાજીક કાર્યકર સુનિલભાઈ ત્રિવેદી, મ્યુ. કોર્પોરેટર બરખાબેન જહા, ગોરધનભાઈ પરમાર સહિત મહાનુભાવો હાજર રહ્યા હતા. નાના બાળકોએ ગીત-સંગીત, રાષ્ટ્રભકિત ગીત અને નૃત્યના કાર્યક્રમો કરી હાજર રહેલ જન મેદનીનાં મન મોહી લીધા હતા. ભાગ લીધેલ દરેક બાળકોને રામનિવાસ શર્માજી તરફથી ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સોસાયટીના પ્રમુખ અમૃતભાઈ સોની તથા મહામંત્રી ખિમજીભાઈ રહેવરે સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું હતું. રાષ્ટ્રીય ગાન અને દેશભકિતના ગીતો સાથે વાતાવરણ દેશ ભકિતમય બની ગયું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રાજુભાઈ રાજગોરે કર્યું હતું.




ન્યુ ગાંધીનગર સ્થિત પંડિત દિનદયાલ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્કુલ ઓફ લિબરલ સ્ટડીઝ દ્વારા પ્રજાસત્તાક દિને સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાયકલ રેલી થકી વિદ્યાર્થીઓએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ૧૫૦મા જન્મજયંતિ વર્ષને અનુલક્ષીને ગાંધીજીના આદર્શો જેવા કે સત્ય, સ્વચ્છતા, અહિંસા અને પર્યાવરણના જતન માટે અપરિગ્રહ વગેરેને પ્રસરાવવા પ્રેરક પ્રયાસ હાથ ધર્યો હતો.

**ચિરવિદાય**

- સ્વ. મંગુબેન ધનાજી ઠાકોર, ઉ.વ. ૪૮
- સ્વ. રજુજી બબાજી ગોલ, ઉ.વ. ૭૨

# એક શામ 'દેશભકિત' કે નામ રોશન હો ગઈ...!!!




ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં પ્રજાસત્તાક પર્વની સંધ્યાએ સંસ્કૃતિ ઈવેન્ટસ દ્વારા સૌ પ્રથમવાર સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં વિશેષ કાર્યક્રમ 'દેશભકિત-એક શામ દેશ કે નામ' યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શહેરના બાળકોએ રાષ્ટ્રપ્રેમ આધારિત વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરીને ઉપસ્થિત જનમેદનીના મન મોહી લીધા હતા. આ સાથે કાર્યક્રમમાં શહીદ જવાનોને આદરાંજલિ અર્પણ કરવા સાથે તેમના પરિવારજનોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

સંસ્કૃતિ ઈવેન્ટસ આયોજિત દેશભકિત કાર્યક્રમમાં ભારતના લોખંડી પુરુષ સરદાર પટેલની પ્રતિમાની પૃષ્ઠભૂમિમાં રાષ્ટ્રપ્રેમને ઉજાગર કરતો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં દેશભકિતના ગીતો નૃત્યની રમઝટ સાથે ગુજરાતની ઓળખ સમા ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. બોરિજ ખાતેની સરકારી પ્રાથમિક શાળાની બાળાઓએ રજુ કરેલા ગરબાથી માંડીને એમઆરડીસી ગ્રૃપના થીમ બેઝડ ડાન્સ સહિતની કૃતિઓને પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. શહેરમાં ઠંડીનું મોજું હોવા છતાં સમી સાંજે યોજાયેલા આ રંગારંગ કાર્યક્રમને માણવા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની પ્રસ્તુતિ માટે સંસ્કૃતિ ઈવેન્ટસના કાર્યકરોએ ચીવટપૂર્વક લીધેલી જહેમત ઉડીને આંખે વળગે તેવી રહી હતી.